જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૦૨/૨૦૨૩ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૨૦૬/૨૦૨૩

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૧/૦૨/૨૦૨૩ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૫૦ | ૦ | ૧૫૦ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૩ | ૦ | ૧૦૦૭૦૩ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૫ | ૭૫,૦૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**<u>નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૦૭/૨૦૨૩</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૭ કેસ કરી, ૧૭ વ્યક્તિઓને ઝડપી, ૮૮ લીટર દેશી દારૂ, ૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૩૨૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ કરી ૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૬,૪૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૦૮/૨૦૨૩</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૦૯/૨૦૨૩</u>**

**ખાડીયાઃ** વિજયભાઇ સવાજી સરગડા (ઉ.વ.૨૮) (રહે. પખાલીની પોળ સંસ્કાર સ્કુલની બાજુમાં પુનીતચોક સારંગપુર) એ તા.૦૧/૦૨/૨૦૨૩ ના રોજ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૦૧/૨૦૨૩ રાતના ૧૧/૦૦ થી તા.૦૧/૦૨/૨૦૨૩ સવારના ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાની સ્ટોપર ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના, મોબાઈલ ફોન નંગ-૨ અને રોકડ રૂપિયા ૫૧,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૨૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી હરીસિંગ રણછોડભાઇ ચલાવે છે.

**ચાંદખેડાઃ** પ્રમોદાબહેન અશ્વીનભાઈ પરમાર (રહે. ભગીરથ ટેનામેન્ટ કોટેશ્વર રોડ દર્શન ફ્લેટ સામે ચાંદખેડા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૨/૨૦૨૩ બપોરના ૧/૪૫ થી ૪/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોનાના દાગીના અને રોકડ રૂપિયા ૧૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૫૭,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.પી.પટેલ ચલાવે છે.

**<u>ચીલ ઝડપઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૧૦/૨૦૨૩</u>**

**વાડજઃ** દેવાભાઇ મસાજી ઠાકોર (ઉ.વ.૩૫) (રહે. ધાંચીની પોળ મદન ગોપાલ હવેલી રોડ માણેકચોક) આંગડીયા પેઢીમાં કામ કરતા હોઈ તા.૦૧/૦૨/૨૦૨૩ સાંજના ૮/૦૦ વાગ્યાના સુમારે વાડજ રત્ન કોમ્પલેક્ષથી આંગડીયા પેઢીમાંથી સોનાની જણસોવાળા પાર્સલ તથા બે કીલો ચાંદી મળી આશરે કિમત રૂપિયા ૨૭,૦૨,૦૦૦/- થેલામાં લઈ એક્ટીવા ઉપર સાહેદને બેસાડી નવાવાડજ કૃષ્ણનગર સોસાયટી આગળ સોનલ પાન પાર્લર આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે સોનલ પાન પાર્લર આગળ એક્ટીવા ઉભુ રાખી થેલો એક્ટીવા પાછળ મુકી સાહેદ પાન પાર્લર ગયા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ એક્ટીવા પાછળ મુકેલ દાગીનાનો થેલો આંચકી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ દેવાભાઇ ઠાકોરે વાડજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી સી.જી.જોષી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૧૧/૨૦૨૩**

**માધવપુરાઃ** દિપેન વાસુદેવ કુશવાહ (ઉ.વ.૨૨) (રહે. મહાવિર કુટીર સોસાયટી બોમ્બે ગેરેજ સામે શાહીબાગ) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૨/૨૦૨૩ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિનાજી રૂગનાથજી ચલાવે છે.

**ખોખરાઃ** સ્નેહલબહેન વા/ઓ રાજુભાઇ ચૌહાણ (ઉ.વ.૨૭) (રહે. અંબિકામાતાની ચાલી અંબેમાતાના મંદિર પાસે ભાઇપુરા ખોખરા) એ અગમ્ય કારણસર તા.૩૧/૦૧/૨૦૨૩ રાતના ૮/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૧/૦૨/૨૦૨૩ કલાક ૬/૩૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.વિડજા ચલાવે છે.

**નિકોલઃ** ઇશાબહેન નરેશભાઇ પટેલ (ઉ.વ.૧૭) (રહે. શ્રીનાથ પાર્ક સોસાયટી ટોરંટ પાવર સામે નિકોલ ગામ રોડ) એ અગમ્ય કારણસર તા.૩૧/૦૧/૨૦૨૩ સાંજના ૬/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે કોઠીયા હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જે.બી.શીયાલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી